# મોદી અને રાહુલ વચ્ચે જામ્યો શાબ્દિક જંગ

## ઉત્તરપૂર્વના રાજ્યોના વિકાસને ઉચ્ચ પ્રાથમિકતા અપાશે : મોદી

ગુવાહાટી-ઈન્ફાલ,તા.૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે આસામ અને મણિપુરમાં ચૂંટણી સભાને સંબોધીને કોંગ્રેસ-યુપીએ સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા સાથે સાથે શ્રેણીબદ્ધ સળગતા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. મોદીએ તેમના ભાષણમાં ખાતરી આપી હતી કે ઉત્તરપૂર્વના રાજ્યોના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે કોંગ્રેસને ૬૦ વર્ષ આપ્યા બાદ અમને ૬૦ મહિના અપાશે તો અમે ચિત્ર બદલી નાંખીશું. મોદી તેમના સંબોધનમાં બેરોજગારી, બાંગ્લાદેશી ઘૂસણખોરી અને કાયદો તથા વ્યવસ્થાના મુદ્દા ઉઠાવ્યા હતા. મોદીએ ઈન્ફાલમાં તેમના સંબોધનમાં દિલ્હીમાં પૂર્વોત્તરના વિદ્યાર્થીના મોતનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે આ ખૂબજ શરમજનક બાબત છે. આસામના પાટનગર ગુવાહાટીમાં પોતાની રેલીમાં મોદીએ રાહુલ ગાંધી પર તેજાબી પ્રહાર કર્યા હતા. રાહુલના પટેલવાળા નિવેદન પર મોદીએ કહ્યુ હતુ કે સરદાર પટેલ અમારા રાષ્ટ્રીય નેતા છે. મોદીએ આ રેલીમાં એવી ઘણી બાબતોનું પુનરાવર્તન કર્યુ હતુ જે ઈન્ફાલ રેલીમાં સવારે કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ઉત્તરપૂર્વ અષ્ટલક્ષ્મી છે. અને લક્ષ્મી માતા કમળ પર બેસે છે. અલબત્ત એક ભૂલ પણ નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કરી હતી. મોદીએ કહ્યુ હતુકે ઉત્તર પૂર્વ વિકાસમાં બાકી દેશથી ખૂબ પાછળ છે પરંતુ વડાપ્રધાન પ્રેસ સલાહકાર પંકજ પચૌરીએ એજ વખતે ટ્વિટ કરીને જીડીપીના આંકડા રજુ કર્યા હતા. જે મુજબ ઉત્તરપૂર્વના વિકાસનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ખૂબ સારો છે. મોદીએ મનમોહનસિંહ અને આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુકે નામ તરૂણ હોવાથી કોઈ તરૂણ થઈ જતા નથી. આના માટે વિચારધારા પણ તરૂણ હોવી જોઈએ. મોદીએ કહ્યુ હતુકે મનમોહનસિંહ ઉત્તરપૂર્વમાંથી સાંસદ છે અને છેલ્લા ૧૦ વર્ષથી વડાપ્રધાન છે છતાં પણ ઉત્તરપૂર્વ ખૂબજ પછાત છે. જો આવી સ્થિતિ આસામની છે તો દેશના અન્ય ભાગની સ્થિતિ કેવી હશે. આસામમાં બેરોજગારી, ઘૂસણખોરો અને કાયદા અને વ્યવસ્થાના મુદ્દા પણ ઉઠાવ્યા હતા.



મોદીએ વચન આપ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર બનશે તો વિદેશોમાં પડેલા કાળાનાણાંને દેશમાં પરત લાવવાના પ્રયાસ કરાશે. તેમણે ઉમેર્યુ હતુ કે પૂર્વીય ભારતમાં વિકાસ તેમની પ્રાથમિકતા રહેશે જેથી સમગ્ર ભારતની વિકાસની ગતિ આગળ વધશે. આ અગાઉ મોદીએ મણિપુરમાં પાટનગર ઈન્ફાલમાં એક રેલી યોજી હતી જેમાં તેમણે કહ્યુ હતુ કે અરૂણાચલના વિદ્યાર્થી તાનિયાની દિલ્હીમાં મોતની બાબત શરમજનક છે. મોદીએ કહ્યુ હતુકે કેન્દ્ર અને દિલ્હી સરકારે આ મામલામાં આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર બંધ કરવો જોઈએ. કોંગ્રેસની દુર્ભાગ્યપૂર્ણ નીતિઓના કારણે થઈ રહ્યુ છે. મોદીએ કહ્યુ હતુ કે નિડોતાનિયાનું મોત શરમજનક બાબત છે. દિલ્હીમાં શુશાસનનો સ્પષ્ટ અભાવ પ્રવર્તે છે. મહિલાઓની સામે અત્યાચારના મામલા વધી રહ્યા છે. વડાપ્રધાન પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુકે છેલ્લા ૨૩ વર્ષથી રાજ્યસભામાં પૂર્વોત્તરનું પ્રતિનિધિત્વ તેઓ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે કોંગ્રેસના મુખ્યમંત્રી વડાપ્રધાનને માત્ર યોજનાઓની આધારશિલ મૂકવા માટે બોલાવે છે. પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે પુર્વોત્તર માટે એક અલગ મંત્રાલયની રચના કરવામાં આવી હતી. યુપીએ સરકાર દ્વારા વ્યાપક ભ્રષ્ટાચાર પ્રવર્તે છે.



## કોંગ્રેસ માત્ર એક પાર્ટી નહીં બલકે વિચારધારા : રાહુલ

બારડોલી,તા.૮

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના ગઢમાં આકરા પ્રહારો કર્યા



હતા. મોદીના ગઢ એવા ગુજરાતમાં બારડોલી ખાતે રાહુલ ગાંધીએ તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે લોકો કોંગ્રેસ મુક્ત ભારતની વાત કરે છે પરંતુ કોંગ્રેસ માત્ર એક પાર્ટી નથી બલકે એક વિચારધારા છે. મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમના પર પ્રહાર કરતા રાહુલે કહ્યુ હતુ કે અમે આરએસએસમાં અમારો સમય ગાળ્યો નથી. સાથે સાથે સંઘ પર રાહુલે પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે મહાત્મા ગાંધીની હત્યા પાછળ આરએસએસની વિચારધારા હતી. સરદાર પટેલના નામનો ઉલ્લેખ કરીને મોદી પર રાહુલે પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે ગાંધીજીના મોત બાદ સરદાર પટેલ આરએસએસ પર પ્રતિબંધ મૂકવા ઇચ્છતા હતા. રાહુલે મોદી દ્વારા સરદાર પટેલની પ્રતિમા બનાવવાની ઝાટકણી કાઢતા કહ્યુ હતુ કે અમે વાત કરતા નથી. સરદાર પટેલ અને ગાંધીજી અમારા દિલોમાં રહે છે. તેમની વિચારધારા અમારા દિમાગમાં છે. નરેન્દ્ર મોદી દ્વારા રેલીઓમાં કરવામાં આવેલી ભૂલ પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ કે મોદીને ઇતિહાસની જાણકારી નથી. રાહુલે મોદીના નજીકના સાથી અમિત શાહ ઉપર પ્રહાર કરતા કહ્યુ હતુ કે જેલની હવા ખાધા બાદ લોકો મંત્રી બની જાય છે. ગુજરાતના વિકાસના મુદ્દા પર મોદીના દાવાની ઝાટકણી કાઢતા રાહુલે કહ્યુ હતુ કે ગુજરાતમાં વિકાસ લોકોના પરસેવાના કારણે થયો છે.

કોઈ એક વ્યક્તિના કામથી વિકાસ થયો નથી. રાહુલે કહ્યુ હતુ કે અમે તમામ લોકોનુ સન્માન કરીએ છીએ. ચ્હાવાળાથી લઈને દરેક ક્ષેત્રો સાથે જોડાયેલા લોકોનું અમે સન્માન કરીએ છીએ પંરતુ અમે એવા લોકોનું સન્માન કરતા નથી જે અમને ગેરમાર્ગે દોરે છે અને જુઠ્ઠાણા ફેલાવે છે. ભ્રષ્ટાચારના મુદ્દે મોદીને ભીસમાં લેતા રાહુલે કહ્યુ હતુકે નવ વર્ષમાં ગુજરાતમાં લોકાયુક્ત કેમ નથી. ગરીબીના મુદ્દે રાહુલે નામ લીધા વગર મોદીની ટિકાટિપ્પણી કરી હતી અને કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી ગરીબીને દૂર કરવાની વાત કરે છે પરંતુ આ લોકો ગરીબોને જ દૂર કરવાની વાત કરે છે. બારડોલીમાં રાહુલની રેલીમા મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ગવર્નન્સના મુદ્દે તેઓએ પ્રહાર કર્યા હતા. રાજ્યમાં ખેડૂતોની હાલત કફોડી બનેલી છે.



# પ્રથમ પરમાણુ સબમરીનનો આગામી વર્ષે સમાવેશ કરાશે

નવી દિલ્હી,તા.૮

સરંક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાના હેતુસર ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન આવનાર દિવસોમાં વધુ ઝડપથી આગળ વધવાની યોજના ધરાવે છે. ભારતની પ્રથમ ન્યુક્લીયર સબમરીન અને આઈસીબીએમને આગામી વર્ષે સામેલ કરવા માટેની તૈયારી ચાલી રહી છે. આ વર્ષે ડીઆરડીઓ શ્રેણીબદ્ધ મિસાઈલ પરીક્ષણો અને અન્ય મિસાઈલ ટેસ્ટ કરીને સેનામાં મિસાઈલ અને સબમરીનને સામેલ કરવાની યોજના ધરાવે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૫૦૦૦ કિલોમીટરની પરમાણુ સક્ષમ અગ્નિ-૫ મિસાઈલના ટેસ્ટ પણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત નિર્ભય ક્રૂઝ મિસાઈલ, પરમાણુ સબમરીન આઈએનએસ અરિહંતના દરિયાઈ ટ્રાયલ, તેજસ યુદ્ધ વિમાન માટે અંતિમ ઓપરેશનલ મંજૂરી અને અર્જુન માર્ક-૨ ટેન્કને લઈને પણ ડીઆરડીઓ



ઉત્સુક છે. ડીઆરડીઓ આ તમામને અસરકારક રીતે સામેલ કરવા અને મંજૂરી આપવા માટે સજ્જ છે. ડેફ એક્સો દરમિયાન ડીઆરડીઓના વડા અવિનાશ ચંદ્રરે વિશ્વાસ વ્યક્ત કર્યોહતો કે આગામી વર્ષ સુધી અગ્નિ-૫ અને દેશની પ્રથમ ઈન્ટર કોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ આઈએનએસ અરિહંત તેમજ પરમાણુ સક્ષમ મિસાઈલો સાથે સજ્જ પ્રથમ ન્યુક્લીયર પાવર સબમરીન સેનામાં સામેલ કરી લેવામાં આવશે.

જાણકાર લોકોનું કહેવું છે કે છ હજાર ટનના આઈએનએસ અરિહંતના દરિયાઈ ટ્રાયલના વિલંબને લઈને કેટલીક ચિંતા પ્રવર્તી રહી છે. ગયા વર્ષે ૧૦મી ઓગસ્ટના દિવસે આઈએનએસ અરિહંતના ૮૩ એમડબલ્યુ પ્રેસરાઈઝ્ડ લાઈટ વોટર રિએક્ટરમાં ખામી સર્જાઈ હતી.

ચંદ્રરનું કહેવું છે કે ડીઆરડીઓ લાંબા રેન્જની સબમરીન લોન્ચ મિસાઈલ ઉપર પણ કામ કરી રહ્યું છે. આનું નામ કે-૪ રાખવામાં આવશે જેની રેન્જ ૩૫૦૦ કિલોમીટરની રહેશે. ડીઆરડીઓ દ્વારા શ્રેણીબદ્ધ તૈયારીઓ ચાલી રહી છે. ૪૦૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી અગ્નિ-૪ ત્રણ ડેવલોપમેન્ટ ટ્રાયલને પૂર્ણ કરી લીધા બાદ સમાવેશ માટે તૈયાર છે જ્યારે અગ્નિ-૫ આ વર્ષે મોડેથી થોડાક વધુ ટેસ્ટ બાદ સામેલ કરવામાં આવશે. અગ્નિ-૫ તેની ત્રાટકવાની રેન્જમાં ચીન સહિતના તમામ દેશોને આવરી લે તેવી છે. અગ્નિ-૫ મિસાઈલ લોન્ચર ટ્રક પરથી પણ લોન્ચ કરી શકાય છે. આ મિસાઈલ શસ્ત્રદળોને ખૂબ તાકાત ઉપલબ્ધ કરાવશે. બેથી ત્રણ ટ્રાયલ બાદ અગ્નિ-૫ મિસાઈલ ૨૦૧૫ના અંત સુધી સામેલ કરી દેવામાં આવશે. બેલાસ્ટિક મિસાઈલ ડિફેન્સ મોરચે ડીઆરડીઓના વડાનું કહેવું છે કે આ દિશામાં પણ આગળ વધી રહ્યા છીએ.

## આઈસીસી બોર્ડમાં ફેરફાર મંજુર : શ્રીનિવાસન અધ્યક્ષ

સિંગાપોર, તા.૮

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)એ વધુ સારા વહિવટ માટે પોતાના માળખામાં ફેરફારની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. આઈસીસી બોર્ડમાં ફેરફાર મંજુર કરવામાં આવી ચુક્યા છે. આનાથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના મહેસૂલી અને અધિકારોના નિયંત્રણમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ થઈ જશે. પાકિસ્તાન, શ્રીલંકા, અને દક્ષિણ આફ્રિકાના ઉગ્ર વિરોધ છતા આઈસીસીના માળખામાં ફેરફારના પ્રસ્તાવને કારોબારી બોર્ડની બેઠકમાં મંજુરી આપી દેવામાં આવી છે. ફેરફારના વિવાદાસ્પદ પ્રસ્તાવને આઈસીસીના ૧૦ સભ્યો પૈકી આઠે સમર્થન આપ્યુ હતુ જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકાએ બેઠકમાં ભાગ લીધો નહતો. આ પ્રસ્તાવના મુખ્ય મુદ્દાઓમાં કાર્યકારી સમિતિ અને નાણાં તથા વાણિજ્ય મામલાઓની સમિતિની રચનાનો સમાવેશ થાય છે. આમાં બીસીસીઆઈ, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ તથા વેલ્સ ક્રિકેટ બોર્ડના પાંચ સભ્યો સામેલ રહેશે. બેઠકમાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવ મુજબ બીસીસીઆઈના વર્તમાન અધ્યક્ષ એનશ્રીનિવાસન ૨૦૧૪ના મધ્યથી આઈસીસી બોર્ડના અધ્યક્ષ રહશે જે નિર્ણય લેનાર સર્વોચ્ચ સંસ્થા રહેશે. આઈસીસીએ એક નિવેદનમાં કહ્યુ છે કે એક નવી કારોબારી સમિતિની રચના કરાશે જે બોર્ડને અહેવાલ સોંપશે. કારોબારી સમિતિના પ્રથમ અધ્યક્ષ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના વેલીએડવર્ડસ હશે. જ્યારે નાણાં અને વાણિજ્ય મામલાઓની સમિતિના અધ્યક્ષ પદ પર ઈસીબીના જાઇલ્સ ક્લાર્ક રહેશે. આ બંને પ્રથમ બે વર્ષ સુધી અધ્યક્ષ રહેશે. આજના ઘટનાક્રમને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. હવે નાવા સુધારાઓને અમલી બનાવવામાં આવશે. બેઠકમાં તમામ પાસાઓ ચર્ચાશે.

# મણિપુરની સગીરા પર રેપ અંગે દિલ્હીમાં ઉગ્ર દેખાવો

નવી દિલ્હી,તા.૮

દક્ષિણ દિલ્હીમાં મણિપુરની કિશોરી પર બળાત્કારને લઈને દિલ્હીમાં આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિદ્યાર્થીઓએ હિંસક દેખાવો કર્યો હતો. દક્ષિણદિલ્હીમાં બનેલા આ બનાવને લઈને આજે તંગ સ્થિતિ રહી હતી. દક્ષિણ દિલ્હીના મુનેરકા વિસ્તારમાં જમીન માલિકના પુત્ર દ્વારા ૧૪ વર્ષીય સગીરા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આરોપી શખ્સ વીકી તરીકે ઓળખાયો છે. એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે વસંતવિહાર પોલીસ સ્ટેશનમાં પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આ બનાવ ગઈકાલે રાત્રે બન્યો હતો.

આ વિસ્તારમાં પોતાના ઘરની કેટલીક વસ્તુઓ ખરીદવા સગીરા બહાર નીકળી હતી. વીકીએ હોસ્પિટલની સામેથી તેનુંઅપહરણ કરી લીધુ હતુ અને તેને એક નજીકના એક રૂમમાં લઈ ગયો હતો. આ સગીરાને ઈજાઓ પણ થઈ છે અને તેને સફદરજંગ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાંઆવી છે. વિદ્યાર્થીઓ આજે આક્રમક મૂડમાં દેખાયા હતા. દિલ્હીમાં બળાત્કારના બનાવો અને અન્ય બનાવો સતત વધી રહ્યા છે. કેજરીવાલ સરકારની પ્રતિષ્ઠાને પણ આના લીધે ફટકો પડ્યો છે.



*ખ્યાતનામ ગઝલકાર જગજીતસિંહની જન્મજયંતિની નિમિત્તે વડાપ્રધાન મનમોહનસિંહે દિલ્હી ખાતે ટપાલ ટિકીટ બહાર પાડી.*



*ટોકીયોના યુનો પ્રાણી સંગ્રહાલયમાં સફેદ રીંછ બર્ફીલા વાતાવરણમાં રમત રમીને મઝા માણી રહ્યો છે. જાપાનના હવામાન વિભાગ દ્વારા ૧૩ વર્ષે સેન્ટ્રલ ટોકીયોમાં સખત હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.*

## ઓકલેન્ડ ટેસ્ટના ત્રીજા દિવસે ભારતીય ટીમ ૨૦૨ રનમાં ઓલઆઉટ

ઓકલેન્ડ,તા.૮

ઓકલેન્ડ ખાતે રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે ખૂબ જ રોમાંચક રમત રહી હતી. એકબાજુ ભારતીય ટીમના બાકીના બેટ્સમેનો આજે સસ્તામાં પેવેલિયન ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ ન્યૂઝીલેન્ડની ટીમ માત્ર ૧૦૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્રીજા દિવસની રમતના અંતે ભારતે એક વિકેટે ૮૭ રન બનાવ્યા હતા. ભારતને આ ટેસ્ટ મેચ જીતવા માટે હવે વધુ ૩૩૦ રનની જરૂર છે અને તેની ૯ વિકેટ હાથમાં છે. તેની પાસે બે દિવસનો સમય છે જેથી આ ટેસ્ટ મેચ હવે કોઈપણ દિશામાં આગળ વધી શકે છે. ન્યૂઝીલેન્ડના પ્રથમ દાવમાં ૫૦૩ રન ઓલઆઉટના જવાબમાં ભારતીય ટીમ આજે તેના પ્રથમ દાવમાં માત્ર ૨૦૨ રન કરી શકી હતી. ભારતીય ટીમ તરફથી રોહિત શર્માએ સૌથી વધુ ૭૨ રન કર્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી વાઘનરે આજે તરખાટ મચાવીને ચાર વિકેટ ઝડપી હતી. બોલ્ટ અને સાઉથીએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડની સમગ્ર ટીમ તેના બીજા દાવમાં નાટ્યાત્મક રીતે ૪૧.૨ ઓવરમાં ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સામી અને ઈશાંત શર્માએ ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે ઝહીર ખાને બે વિકેટ લીધી હતી.

## હિમવર્ષાથી સફરજન ખેડૂતો ખુશખુશાલ

હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે જેથી જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે હિમવર્ષાની પ્રથમ સિઝનથી સફરજનના ખેડૂતોમાં રાહતનું મોજું ફળી વળ્યું છે. કુલ્લુ, મંડી, કિન્નોર અને લાહોલ-સ્પીતીમાં સફરજન પટ્ટામાં સફરજનના ખેડૂતો ખુશ દેખાઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- *વિસાવદરમાં રામજી ભગવાનની મૂર્તિને અજાણ્યા લોકોએ ખંડિત કરતાં લોકોમાં રોષ.*
- *ચૂંટણીમાં લોકસભા-વિધાનસભાના ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની મર્યાદા ૪૦% સુધી વધારાશે.*
- *રશિયામાં વિન્ટર ઓલમ્પિકનું શાનદાર ઉદ્‌ઘાટન, દેશ-વિદેશનાં ખેલાડીઓએ હાજરી આપી, ભારતીય ટીમે ત્રિરંગો વિના આગેવાની કરી.*
- *દિલ્હીમાં વસંત-વિહારમાં ૧૨ વર્ષની બાળકી સાથે બળાત્કાર, આરોપીની ધરપકડ.*
- *સી.બી.આઇ.નાં વડાના વિવાદાસ્પદ નિવેદન 'ઇશરત જહાં કેસમાં અમિત શાહનું નામ હોય તો યુપીએનાં નેતા ખુશ થાત' બાદ રાજકીય ગરમાવો.*
- *બિહારમાં નિતીશકુમારની સરકારમાં પ્રધાન શાહિદ અલી ખાન, નરેન્દ્ર મોદીની રેલી બ્લાસ્ટમાં પકડાયેલાં આતંકવાદીઓ સાથે સંબંધો હતા તેવો આઇ.બી.નો ચોંકાવનારો ખુલાસો.*
- *આઇસીસીના નવા ચેરમેન શ્રીનિવાસન બનશે.*
- *વિન્ટર ઓલમ્પિકના સ્થળે આતંકીઓના હુમલાનું ષડયંત્ર રશિયન પોલીસે પકડ્યું.*
- *અમદાવાદ વિમાનીમથકે ૯૫ લાખનાં સોના સાથે પાંચ વ્યક્તિઓની ધરપકડ કરાઇ.*
- *ભરૂચ જિલ્લામાં વાલીયામાં પાંચ વર્ષનાં બાળકની હત્યા કરી ફેંકી દેવાયો.*
- *પ્રાંતિજ કોર્ટમાં જુનિયર કલાર્ક લાંચ લેતા ઝડપાયો.*
- *કેજરીવાલ સરકારને સમર્થન આપવા માટે અન્ના હજારેએ શરતો મુકી.*
- *જમ્મુ-કાશ્મીરમાં મહિલા તબીબની મંત્રી દ્વારા થયેલ યૌનશોષણ બાબતે ડોકટરોએ હડતાળ પાડી.*
- *ખ્યાતનામ ગઝલકાર જગજીતસિંહની સ્મૃતિમાં વડાપ્રધાન મનમોહનસિંહે ટપાલ ટિકીટ બહાર પાડી.*
- *ભૂતપૂર્વ પ્રમુખ પરવેશ મુશરર્ફને કોર્ટે હાજર રહેવા પાકિસ્તાની કોર્ટે સમન્સ કાઢ્યો.*
- *સાણંદ હાઇવે પર પેટ્રોપ પંપ લૂંટ તથા ગોળીબાર.*
- *મહેસાણા-કડીમાં એક જ રાતમાં ૮ જગ્યાએ તસ્કરોએ તાળા તોડ્યા.*